# સઘન અભ્યાસનો પ્રસાદ : 'ગિરનાર' | ભારતી રાણે

**[ગિરનાર** : સંજય ચૌધરી, રંગદ્વાર, ડેમી પૃ. ૨૭૨, ૨૦૦૯, રૂ. ૧૯૦]

ગુજરાતની ગરિમાનું સર્વોચ્ચ શિખર ગિરનાર. હિન્દુ, જૈન, બૌદ્ધ ત્રણેય મુખ્ય પરંપરાનું આ તીર્થસ્થાન. જેની ગોદમાં અઢી હજાર વર્ષનો ઇતિહાસ ધરાવતું પુરાણ-પ્રસિદ્ધ ગિરિનગર – જૂનાગઢ સમાયું છે, તે ગિરનાર. મૌર્ય સમ્રાટ અશોક, મહાક્ષત્રપ રુદ્રદામા, અને ગુપ્તસમ્રાટ સ્કંદગુપ્તના શિલાલેખોથી શોભતો આ પ્રદેશ. આ જ જૈન મહાતીર્થ ઉજ્જયન્તગિરિ; સિદ્ધ નાથ અને દત્ત સાધુકુળોના ઉપાસકોની ભૂમિ, ઔષધિઓનો ભંડાર, મુક્તાત્માઓનું વતન, સનાતન સંસ્કૃતિકેન્દ્ર – ગિરનાર.

શ્રી સંજય ચૌધરીએ આ ભૂમિમાં વારંવાર ભ્રમણ કરી, એના ઇતિહાસનો, એના પૌરાણિક સંદર્ભોનો, એના ભૂસ્તરશાસ્ત્રીય વિજ્ઞાનનો, એની વન્યસંપત્તિનો, એના લોકસાહિત્યનો, એના પર લખાયેલ સાહિત્યનો, વગેરે અનેક પાસાંઓનો સમગ્રલક્ષી અભ્યાસ કર્યો અને તેના પરિપાક રૂપે જે પુસ્તક પ્રાપ્ત થયું, તે આ પુસ્તક 'ગિરનાર.' સંજય ચૌધરીએ કમ્પ્યૂટરવિજ્ઞાનમાં ડૉક્ટરેટ કરેલું છે. પોતાના વિષયમાં આંતરરાષ્ટ્રીય કક્ષાનાં અનેક પેપરો રજૂ કરનાર પ્રોફેસરની પ્રતિભા તો ખરી જ, ઉપરાંત તેઓ સંગીતવિશારદ પણ છે. સાહિત્ય, વાદ્યસંગીત, વન્યજીવન, પર્યાવરણ વગેરે પ્રત્યેનો એમનો લગાવ; તથા ગિરનારના પ્રકાંડ અભ્યાસી શ્રી નરોત્તમ પલાણ જેવા મૂર્ધન્ય સાહિત્યકારની નવલકથા 'હુહુ'નું અવલોકન કરતાં લેખકને થઈ આવેલ ગિરનારના આકર્ષણમાંથી 'ગિરનાર' પુસ્તકનું સર્જન થયું.

પુસ્તકની શરૂઆતમાં લેખક ગિરનારનાં પૌરાણિક સંદર્ભોનું રસપ્રદ આચમન કરાવે છે. મૃગચર્મ ઓઢી બેઠેલા ૨૨ કરોડ વર્ષની ઉંમરના યોગીની વાત કરતાં તેઓ સ્કંદપુરાણ, વિષ્ણુપુરાણ વગેરે અનેક પૌરાણિક સંદર્ભો તરફ લઈ જાય છે. રામાયણના કિષ્કિંધાકાંડમાંથી પસાર થતાં શ્રીકૃષ્ણ અને યાદવોની આ પ્રિયભૂમિમાં પ્રવાસ કરાવે છે, અને જૈન સાહિત્યના કલ્પસૂત્રમાં ઉલ્લેખાયેલ આગમ પ્રતિષ્ઠિત મહાગિરિ ઉજ્જયન્તગિરિનું આરોહણ પણ કરાવે છે. આ વિભાગમાં એ પણ જાણવા મળે છે કે, આજે સૌરાષ્ટ્ર એક દ્વીપકલ્પ છે, પરંતુ આદિકાળમાં તેની ચારેય બાજુ પાણી હતું, અને છેક કચ્છના રણ સુધી અરબી સમુદ્ર હતો, જે ઈ.સ. બીજી સદી સુધી નૌકાગમનને યોગ્ય હતો ! ગિરનાર તથા એની પરિક્રમા વિશેની લોકમાન્યતાઓ તથા તેના મહાત્મ્યની વાત પણ અહીં આવે છે.

બીજા વિભાગમાં લેખકે બે વખત કરેલ ગિરનાર પરિક્રમાના અનુભવનું વર્ણન કરતાં ડાયરીનાં પાનાં તથા એનાં અઢાર રંગીન ફોટોગ્રાફ પણ પ્રાપ્ત થાય છે. એ નોંધપાત્ર છે કે, પરકમ્મા દરમિયાન લેખકને શ્રી મનોજ ખંડેરિયાની કાવ્યપંક્તિઓ 'આખુંય વન મહેકતું રહેશે પછી સદા, વૃક્ષનાં થડોમાં નામ લીલું કોતરી જઈશ'; તો ક્યાંક શ્રી રાજેન્દ્ર શુક્લની પંક્તિઓ : 'મનો ગોતવામાં જ ખોવાયો છું આ, પત્યે પરકમા આખરે હું મળીશ જ' ....યાદ આવે છે. ગિરનાર પરિક્રમા વિશે લેખક નોંધે છે કે – 'મોટા ભાગના શહેરી યાત્રાળુઓ જિજ્ઞાસાથી જાય છે, જ્યારે ગ્રામીણ યાત્રાળુઓ શ્રદ્ધાથી જાય છે.' આપણા પ્રવાસી શહેરી છે, પરંતુ પરિક્રમણમાં આધ્યાત્મિકતાથી અનાયાસ રંગાતા દેખાય છે. એમના એક સાથી જયસુખભાઈ છૂટા પડી ગયા, એ વિશે તેઓ લખે છે : 'અમે તો એમ માનતા હતા કે, જયસુખ એમની ઝડપને કારણે આગળ હશે, અને નળપાણીનો ઢાળ ચડી ઉપર ટેકરીએ અમારી રાહ જોતા મળશે. અમને ક્યાં ખબર હતી કે, પરિક્રમાના બાકીના માર્ગમાં અમે હવે મળવાના નથી. જીવનમાં પણ ક્યારેક ક્યારેક આવું નથી બનતું ?' ....તો ક્યારેક લેખક લખે છે : 'ગાઢ અંધારું અને ચાલવામાં તકલીફ હોવા છતાં શાંત ગિરનારનાં પગથિયાં ઊતરતી વખતે લાગે છે કે, કદાચ આવી શાંતિ વારંવાર ન મળે !' સાથેસાથે વન્યસંપત્તિનો નાશ કરી, ત્યાં પ્લાસ્ટિકનો બેશુમાર કચરો ફેંકી જઈ પર્યાવરણનો નાશ કરતા લોકને જોઈને ચિંતા અને ગ્લાનિ પણ લેખક અનુભવે છે. પરિક્રમા પછી સફાઈ અભિયાન કરતી શાળાની વિદ્યાર્થિનીઓની વાત પણ તેઓ કરે છે. પરિક્રમા બાદ વારંવાર પરિક્રમા કરનાર વ્યક્તિઓને પણ લેખક મળે છે, ને પર્યાવરણ અંગે તેમના વિચારો પણ અહીં ટાંકે છે.

પુસ્તકના મધ્યભાગમાં ગિરનાર આરોહણની માહિતી છે. એની ટૂંકો, દેરાં, જળકુંડો વગેરે પછી ગિરનારનાં વૃક્ષ, છોડ, વન્ય સંપત્તિ, પશુધન વગેરેની વાત પણ લેખક કરે છે. ખાસ કરીને વૃક્ષોની વિશેષતાઓ વિશે કોઠો બનાવી વિગતે વાત થઈ છે. ત્યારબાદ એક સમૃદ્ધ પ્રકરણ લેખક આપે છે : તે છે – 'સાહિત્યમાં ગિરનાર'; જેમાં કવિશ્રી ન્હાનાલાલથી માંડીને શ્રી નીતિન વડગામા સુધીનાં કવિઓએ રચેલાં ગિરનારવિષયક કાવ્યો તો છે જ; ઉપરાંત લોકસાહિત્યમાં ગિરનારની ભૂમિકાની અમૂલ્ય વાતો અહીં સંચિત થઈ છે. જાહલની ને સમશેરાની વાર્તાઓ, શિવરાત્રીના મેળામાં ત્રણ ત્રણ દિવસ-રાત ચાલતા મીંયા ને મેરાણીના દુહાસંગ્રામની વાતો, મોતી મઢેલા વાંસની સાખે ગામગામ વચ્ચે થતી દુહાની હરીફાઈઓ, બધું અત્યંત રસપ્રદ છે. આ વિશે લખતાં લેખક એક હૃદયસ્પર્શી વાત કહે છે : 'એકાદ પચ્ચીસી ઉપર વરસોવરસ ત્યાં આ મુલ્લા ને મેરાણીનું મસ્ત જોડલું સોરઠની કસહીણી ને તેથી રસહીણી બનતી જતી માનવમેદનીને સોરઠી દુહાકાવ્યના નિચોડ ત્રણ ત્રણ દિવસ ને ત્રણ ત્રણ રાત ઘોળીઘોળીને પાતું : એ વાત મેં વારેવારે સાંભળી છે. સમજણો નહોતો થયો, ત્યારથી સાંભળતો આવ્યો છું. તે દિવસે બાળદિનોમાં કૌતુક હતું, પણ આજે અનુભવ થયે, દુહાના મર્મ સમજવાની સાન પામ્યે, અંતરનાદર્દની ઓળખ આવ્યે પારખી શકાયું છે કે – દુહો દસમો વેદ, સમજે તેને સાલે, વિયાતલની વેણ્ય, વાંઝણી શું જાણે ?'

પુસ્તકના અંતના પ્રકરણોમાં ગિરનારના ઇતિહાસની વાતો આવે છે. મૌર્ય, શક અને ગુપ્તયુગથી શરૂ કરેલ એ ઇતિહાસમાં રજપૂતયુગ, મોગલયુગ, બાબી વંશ વગેરેની વિગતોમાં આગળ જતી ગઈ તેમ તેમ અનેક અજાણ્યાં પાત્રો વચ્ચે જાણીતાં પાત્રોની મુલાકાત થતી ગઈ. દેવાયત આહીરને ત્યાં ઊછરેલ રા'નવઘણ, ને એનો જીવ બચાવવા પોતાના પુત્ર વાહણનો ભોગ આપી દેતી આહિરાણી; 'ખરડી ખાંગો નવ થિયો...' કહીને પોતાનું અપહરણ થતું જોઈ રહેતા ગિરનારને રાણકદેવીએ મારેલ પેલો ટોણો; અને હાડોહાડ લાગી આવતાં શિલાઓ ખેરવવા લાગતા ગિરનારને વારતી રાણકના શબ્દો : 'મા પડ મુજ આધાર, ચોસલાં કોણ ચડાવશે ? ગિયા ચડાવણહાર, જીવતાં જાતર આવશે.' બધું તાદૃશ થઈ ગયું. ભાગલા વખતે ભારત સાથેના જોડાણની પણ કેટકેટલી અજાણી વાતો જાણવા મળી, અને જેમના દેશપ્રેમની ને ત્યાગની વાતો ઇતિહાસમાંથી બાકાત કરી દેવામાં આવી, તે લોકસેનાની વાતો વાંચી મન ઉદ્વિગ્ન થઈ ગયું.

પુસ્તકમાં મેં કરેલ પ્રવાસને અંતે ગિરનાર સાથે બાબરિયો, ખોડિયાર, લાખામેડી, કાબરો, ગદ્ધાકોટ, લાંબધાર, ટકટકિયો, ભેંસલો, જોગણીનો પહાડ, અશ્વત્થામાનો ડુંગર, ઇન્દ્રકુંડ, તુલસીવન અને સુવર્ણરેખા નદી, બધું પરિચિત લાગવા લાગ્યું છે. ગિરનારને સમગ્રતાથી ચાહી, એને લગતા તમામ સંદર્ભોમાં ઊંડા ઊતરી, તેનો મહત્તમ ચિતાર આપવાની કોશિશમાં શ્રી સંજય ચૌધરીની નિસબત, પ્રતિબદ્ધતા અને શ્રમને સાદ્યંત અનુભવી શકાય છે.